પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૫૪ | ૧૩ ઓગસ્ટ, ૨૦૧૯, મંગળવાર; શ્રાવણ સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# કાશ્મીરમાં સાત આત્મઘાતી બોંબરો ઘુસ્યા

**બનિહાલના દક્ષિણ અને પીરપંજાલ મારફતે ઘુસણખોરી કરી : હુમલાનો ભય : મસુદ અઝહરના ભાઈ રઉફે ત્રાસવાદીઓને જમ્મુ કાશ્મીરમાં ઘુસાડી દીધા બાદ પોતે બહાવલપુર પરત ફર્યો : મસ્જિદો અને લશ્કરી સ્થળો હિટલિસ્ટમાં**



શ્રીનગર,તા. ૧૨

સ્વતાંત્રતા દિવસ આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે જમ્મુ કાશ્મીરમાં ખતરનાક ઈરાદા સાથે ત્રાસવાદી સંગઠન જૈશે મોહમ્મદના સાતથી વધુ આત્મઘાતી બોંબરો ઘુસી ગયા હોવાના અહેવાલ મળ્યા છે જેથી જમ્મુ કાશ્મીરમાં આતંકવાદી હુમલાનો ખતરો તોળાઈ રહ્યો છે. સઘન સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી રહી છે. કલમ ૩૭૦ની નાબૂદી બાદથી જમ્મુ કાશ્મીરમાં પહેલાથી જ મજબૂત સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી છે. કોઈપણ ખતરાને પહોંચી વળવા માટે સુરક્ષા દળો વધારે સજ્જ દેખાઈ રહ્યા છે. મોટી સંખ્યામાં સુરક્ષા જવાનો હજુ પણ મોરચા સંભાળી ચુક્યા છે. ત્રાસવાદીઓ કોઈપણ મસ્જિદને ટાર્ગેટ બનાવી શકે છે. મુસ્લિમ દેશોને ઉશ્કેરવાના પ્રયાસ પાકિસ્તાનના વડાપ્રધાન ઈમરાન ખાન દ્વારા કરવામાં આવી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## પાકિસ્તાનો લદ્દાખ પાસે ફાઈટર જેટ, તોપ તૈનાત કર્યા

**પાકિસ્તાને એલઓસી પર સેના વધારવાની શરુ કરી : ભારતીય એજન્સીઓ સતર્ક કહ્યું પાકિસ્તાનની દરેક ગતિવિધિઓ પર અમારી બાજ નજર**



ન્યુ દિલ્હી/શ્રીનગર, તા.૧૨

જમ્મુ-કાશ્મીર વિશે ભારતે જે નિર્ણય લીધો છે તેનાથી પાકિસ્તાનને ઘણી તકલીફ થઈ રહી છે. પાકિસ્તાન દ્વારા સતત એવા નિર્ણય લેવામાં આવી રહ્યા છે જેનાથી તેથી ગભરામણ સ્પષ્ટ જોવા મળી રહી છે. અત્યાર સુધી પાકિસ્તાને રેલવે અને બસ સેવા રોકવાનો નિર્ણય લીધા પછી રાજકીય સંબંધો પણ તોડવાનો નિર્ણય લીધો હતો. પરંતુ હવે પાકિસ્તાન દ્વારા એવું પગલું લેવામાં આવી રહ્યું છે જે તેના ખરાબ ઈરાદા દર્શાવે છે. પાકિસ્તાને લદ્દાખ પાસે આવેલા તેમના એરબેઝ પર ફાઈટર જેટ તહેનાત કરવાનું શરૂ કરી દીધું છે. જમ્મુ કશ્મીરની સરહદ પર પાકિસ્તાનના મોટા ષડયંત્રનો ખુલાસો થયો છે. સૂત્રો અનુસાર પાકિસ્તાને LoC પર મોટા પ્રમાણમાં તોપોની તૈનાતી કરી છે.

● અનુસંધાન પાન-૭ પર

## કાશ્મીરમાં બકરી ઈદની શાંતિપૂર્ણ ઉજવણી

**દોભાલ રાજ્યમાં વિવિધ વિસ્તારમાં પહોંચ્યા : કોઇ પણ અનિચ્છનીય બનાવને ટાળવા વિવિધ પગલાઓ ઇદ ઉજવણી શાંતિપૂર્ણરીતે થતાં તંત્રને થયેલી મોટી રાહત**

શ્રીનગર,તા. ૧૨

જમ્મુ કાશ્મીરમાં કલમ ૩૭૦ની નાબુદી બાદ આજે બકરી ઈદના પ્રસંગે સંપૂર્ણ શાંતિ રહી હતી. મુસ્લિમ સમુદાયના લોકો આજે બહાર નિકળ્યા હતા. જુદી જુદી મસ્જિદોમાં ઈદની નમાજ અદા કરવામાં આવી હતી. લોકો એકબીજાને મળતા પણ નજરે પડ્યા હતા. કેટલાક નિયમો અમલી રાખવામાં આવ્યા હતા. લોકોને તહેવારમાં કોઈ અડચણો ન પડે તે માટે વિવિધ પગલા લેવામાં આવ્યા હતા. બકરી ઈદ પહેલા સામાન્ય લોકોને ઉજવણીમાં કોઈ તકલીફ ન પડે તે માટે કાશ્મીર ખીણના અનેક જિલ્લાઓમાં સંચારબંધી હળવી કરવામાં આવી હતી. બકરી ઈદના પ્રસંગ પર જમ્મુ કાશ્મીરમાં શાંતિ રહી હતી. રાજ્યમાં રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત દોભાલ ફરીને સ્થિતિની સમીક્ષા કરતા નજરે પડ્યા હતા. જમ્મુ કાશ્મીરમાં બકરી ઈદના પ્રસંગે સંપૂર્ણ શાંતિ રહી હતી. જમ્મુ કાશ્મીરના જુદા જુદા વિસ્તારમાં અજિત દોભાલ નજરે પડ્યા હતા. દોભાલ આજે એકાએક લાલચોર, પુલવામા અને

● અનુસંધાન પાન-૭ પર



## જમ્મુ-કાશ્મીર અને લડાખ માટે ટૂંકમાં મોટી ઘોષણા થશે

**મોદીની અપીલ બાદ મુકેશ અંબાણીની જાહેરાત : જમ્મુ કાશ્મીર, લડાખમાં વિકાસ સાથે જોડાયેલ ગતિવિધિ માટે સ્પેશિયલ ટાસ્ક ફોર્સ બનાવાશે : મોદીથી પ્રભાવિત**

નવી દિલ્હી, તા. ૧૨

દેશની સૌથી મોટી કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રી લિમિટેડ કેન્દ્ર શાસિત જમ્મુ કાશ્મીર અને લડાખમાં વિકાસ કામોની યોગ્ય રૂપરેખા તૈયાર કરવા માટે એક ખાસ ટાસ્ક ફોર્સની રચના કરશે. ગ્રુપના ચેરમેન મુકેશ અંબાણીએ કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અપીલ બાદ તેઓ આને લઈને ખુબ જ ગંભીર છે અને ટૂંક સમયમાં જ કોઈ મોટી જાહેરાત કરશે. મુકેશ અંબાણીએ કહ્યું હતું કે, જમ્મુ

● અનુસંધાન પાન-૭ પર

## જીઓ ગીગાફાઈબરનું પાંચમીએ લોન્ચિંગ

**ફ્રી એચડી ટીવી : વાર્ષિક બેઠકમાં રિલાયન્સના વડા મુકેશ અંબાણીની અનેક જાહેરાત : હવે જીઓ ગીગાફાઇબરના સૌથી ઓછી કિંમતવાળા પ્લાનમાં યુઝરને ૧૦૦ એમબીપીએસ સ્પીડ મળશે : ૭૦૦ રૂપિયાવાળા પેકમાં હાઈસ્પીડ ઇન્ટરનેટ**




નવીદિલ્હી,તા. ૧૨

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીના ચેરમેન મુકેશ અંબાણીએ આજે કંપનીની વાર્ષિક બેઠકમાં અનેક મોટી જાહેરાત કરી હતી. સૌથી મોટી જાહેરાત જીઓ ગીગાફાઈબરના લોન્ચિંગને લઈને કરવામાં આવી હતી. અંબાણીએ એકબાજુ જીઓ ગીગાફાઈબરના પેકેજ અને લોન્ચિંગ ડેટની જાહેરાત કરી હતી. બીજી બાજુ એમઆર અથવા તો મિક્સ્ડ રિયાલીટી, સેટઅપ બોક્સ સહિત અન્ય અનેક જાહેરાતો પણ કરી હતી. મુકેશ અંબાણીએ જાહેરાત કરતા કહ્યું હતું કે, જીઓ ગીગાફાઈબરની કોમર્શિયલ લોન્ચિંગ પમી સપ્ટેમ્બરના દિવસે કરવામાં આવશે. જીઓ ગીગાફાઈબરના પ્લાનની શરૂઆત ૭૦૦ રૂપિયા સાથે થશે અને આની રેંજ ૧૦૦૦૦ રૂપિયા સુધીની રહેશે. કંપની પાંચમી સપ્ટેમ્બરના દિવસે જ જુદા જુદા પ્લાનની પણ જાહેરાત કરી દેશે. જીઓ ગીગાફાઈબરના સૌથી ઓછા કિંમત વાળા પ્લાનમાં

● અનુસંધાન પાન-૭ પર

## ચંદ્રયાન-૨ ૨૦ ઓગસ્ટે ચંદ્રની પાસે પહોંચશે

નવી દિલ્હી, તા.૧૨

ભારતના મહત્વકાંક્ષી ચંદ્રયાન-૨ ચંદ્રની કક્ષામાં ૨૦મી ઓગસ્ટના દિવસે પ્રવેશ કરી જશે. ત્યારબાદ ૭મી સપ્ટેમ્બરના દિવસે તે ચંદ્રની સપાટી ઉપર ઉતરાણ કરશે. આ અંગેની માહિતી આજે ભારતની અંતરિક્ષ સંસ્થા ઈસરોના વડા ડોક્ટર કે સિવાન દ્વારા આપવામાં આવી હતી. મિડિયા સાથે વાતચીત કરતા તેમણે કહ્યું હતું કે, ચંદ્રયાન આગામી બે દિવસમાં જમીનની કક્ષાથી છોડીને આગળ વધી જશે. સિવાન વિક્રમ સારાભાઈની જન્મજયંતિના અવસરે અહીં એક કાર્યક્રમમાં ભાગ લેવા માટે પહોંચ્યા હતા. વિક્રમ સારાભાઈને ભારતીય સ્પેસ કાર્યક્રમના જનક તરીકે ગણવામાં આવે છે. સિવાને ચંદ્રયાનની ગતિવિધિ અંગે માહિતી આપતા કહ્યું હતું કે, ચંદ્રયાન-૨ને ૨૨મી જુલાઈના દિવસે લોંચ કરવામાં આવ્યા બાદ તે જમીનની આસપાસ ચક્કર લગાવે છે. બુધવારના દિવસે સવારે એક ખાસ મુવમેન્ટ કરનાર છે. ૧૪મી ઓગસ્ટના દિવસે સવારે ૩.૩૦ વાગે અમે ટ્રાન્સલુનર ઈન્જક્શન નામનું મુવમેન્ટ કરીશું. ૨૦મી ઓગસ્ટના દિવસે અમે ચંદ્રની નજીક પહોંચીશું. ૭મી સપ્ટેમ્બરના દિવસે ચંદ્રયાન ચંદ્રના દક્ષિણી ધ્રુવ પર ઉતરાણ કરશે.

## મહેબુબા અને ઓમર અબ્દુલા કસ્ટડીમાં જોરદાર લડી પડ્યા

**કાશ્મીરમાં ભાજપને કોણ લાવ્યું તેને લઇ લડાઈ : બંનેની લડાઈ ખુબ હદ સુધી વધી ગયા બાદ બંનેને અલગ રાખવાની ફરજ પડી : સ્ટાફના લોકોએ ખેંચતાણ નિહાળી**

શ્રીનગર, તા. ૧૨

એકબીજાના તીવ્ર વિરોધી રહેલા ઓમર અબ્દુલ્લા અને મહેબુબા મુફ્તીને કલમ ૩૭૦ દૂર કરવામાં આવ્યા બાદ ગયા સપ્તાહમાં હરીનિવાસ રાજમહેલમાં કસ્ટડીમાં રાખવામાં આવ્યા હતા. અધિકારીઓનું કહેવું છે કે, તેમની વચ્ચે વિખવાદ એટલી હદ સુધી વધ્યો હતો કે હવે તેમને જુદી જુદી જગ્યાએ રાખવામાં આવી રહ્યા છે. હકીકતમાં બંને પાર્ટીઓએ એક બીજા ઉપર રાજ્યમાં ભારતીય જનતા પાર્ટીની સ્થિતિને મજબૂત કરવાનો આક્ષેપ કર્યો હતો. કસ્ટડીમાં ઓમર અબ્દુલ્લા અને મહેબુબા મુફ્તી લડી પડતા તેમને અલગ રાખવામાં આવી રહ્યા છે. મહેબુબા મુફ્તીએ ઓમર અબ્દુલ્લા સામે ગંભીર આક્ષેપો કર્યા હતા અને તેમના ઉપર મુફ્તી મોહમ્મદ સઈદને લઈને ભાજપ સાથે ૨૦૧૫ અને ૨૦૧૮માં ગઠબંધન કરવાનો વળતો આક્ષેપ કરવામાં આવ્યો હતો.

બંને નેતાઓ વચ્ચે જોરદાર બોલાચાલી થઈ હતી. ઉપસ્થિત સ્ટાફના લોકોએ પણ આ વાત સાંભળી હતી. મહેબુબા મુફ્તીએ નેશનલ કોન્ફરન્સના નાયબ અધ્યક્ષ ઓમર અબ્દુલ્લાને વળતા જવાબ આપ્યા હતા. મહેબુબાએ ઓમરને યાદ અપાવતા કહ્યું હતું કે, ફારુક અબ્દુલ્લાનું ગઠબંધન અટલ બિહારી વાજપેયીની સરકારમાં હતુ. એક અધિકારીએ કહ્યું હતું કે, મહેબુબાએ જોર શોરથી બુમો પાડીને કહ્યું હતું કે, વાજપેયી સરકારમાં વિદેશી મામલામાં તમે જુનિયર મંત્રી તરીકે હતા.


ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

COMBO OFFERS
₹ starts from 249/-*
CHARCOAL EATS
Bite That Good






1 Starter + 1 Curry with Desi Ghee Rice/ Paratha






2 Starter + 1 Curry with Desi Ghee Rice/ Paratha
Special Potato Loaded Fries Available for Shravan Month
Super Mall - II, Infocity, Gandhinagar.
Call : +91 99 786 15 735 / +91 90 225 00 500
Follow Us On : @charcoaleatsgandhinagar @charcoaleatsgandhinagar
*T&C apply.